# Telephonic conversation between Prime Minister and President of the European Council

May 07, 2020

## વડાપ્રધાન અને યુરોપીયન કાઉન્સિલનાં અધ્યક્ષ વચ્ચે ટેલીફોન પર વાતચીત

મે 07, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ યુરોપીયન કાઉન્સિલનાં અધ્યક્ષ મહામહિમ ચાર્લ્સ માઇકલ સાથે ફોન પર વાત કરી હતી.

બન્ને નેતાઓએ ભારતમાં અને યુરોપીયન યુનિયનમાં કોવિડ-19 ની પરિસ્થિતિ અને પ્રતિભાવોની ચર્ચા કરી હતી. તેઓએ મહત્વનાં ફાર્માસ્યુટિકલ્સ ઉત્પાદનોનાં પૂરવઠાઓ સુનિશ્ચિત કરવા સહિત આ મહામારીમાં પ્રદાન કરવામાં આવેલા પારસ્પરિક સહકારની પ્રશંસા કરી હતી.

બન્ને નેતાઓએ કોવિડ-19 ની આરોગ્યની અને આર્થિક અસરને સંબોધવા માટે પ્રાંતિય અને વૈશ્વિક સંકલનની અગત્યતાને ઓળખી હતી.

બન્ને નેતાઓએ ભારત-યુરોપીયન યુનિયનની વ્યૂહાત્મક ભાગીદારી મજબૂત કરવાની તેઓની કટિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી. તેઓ સંમત થયા હતા કે આગામી ભારત-યુરોપીયન યુનિયન શિખર સંમેલનની બેઠક માટે નોંધપાત્ર કાર્યસૂચિ તૈયાર કરવા તેઓનાં અધિકારીઓ સાથે મળીને કાર્ય કરશે.

બન્ને નેતાઓ મહામારીની ઉદ્ભવતી સ્થિતિઓ તથા કોવિડ-બાદનાં સંદર્ભમાં સંપર્કમાં રહેવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**મે 07, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.